©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] TUESDAY, 19th AUGUST, 2025/SRAVANA 28, 1947 [No. 5219

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

"નમુનો-ઝ"

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

(નિયમ ૨૬ (૧) અને ૨૬ (૩))

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૩૩ (ત્રાગડ) (પ્રથમ ફેરફાર)

નં. ન.ર.યો./નં. ૨૩૩ (ત્રાગડ)(પ્ર.ફે.)/અધિસુચના/પ્રસિધ્ધી/૧૭૧૪/૨૦૨૫.-હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, પ્રવર નગર નિયોજક, અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જાણ કરું છુ કે, ગુજરાત સરકારશ્રીના તા. ૨૦-૦૫-૨૦૨૫ના અસાધારણ રાજયપત્ર ભાગ IV-B ના પાના નં. ૨૨૯-૧ થી ૨૨૯-૨ પર પ્રસિધ્ધ થયેલ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૯-૦૫-૨૦૨૫ ના જાહેરનામાં ક્રમાંક : જીએચ/વી/૧૮૧ ઓફ૨૦૨૫/યુ.ડી.યુ.એચ.ડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૧૦૯૯/લ થી મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૩૩ (ત્રાગડ)(પ્રથમ ફેરફાર) ને આખરી કરવા સારૂ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા. ૧૯-૦૫-૨૦૨૫ની અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫નો૧૮૨/યુ.ડી.યુ.એચ.ડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૧૦૯૯/લ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૦(૧) અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રૂએ પ્રવર નગર નિયોજક, નગર રચના યોજના એકમ-૧, અમદાવાદની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણુંક કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ ૨૬ ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપુ છું કે, મે તા. ૨૯-૦૭-૨૦૨૫ના રોજ નગર રચના અધિકારી તરીકેની મારી કાયદાકીય ફરજો સંભાળી લીધેલ છે.

ઉપરોક્ત નગર રચના યોજનાની ચતુઃસીમા અને હદ નીચે મુજબ છે.

ઉત્તરે : નગર રચના યોજના નં. ૪૦૯-અ (ખોરજ-ત્રાગડ) તથા ગાંધીનગર મહાનગરપાલિકાની હદ.

દક્ષિણે : નગર રચના યોજના નં. ૬૯ (ચાંદખેડા-ત્રાગડ-ઝુંડાલ).

પુર્વે : નગર રચના યોજના નં. ૭૨ (ત્રાગડ-ઝુંડાલ).

પશ્ચિમે : રેલ્વેની હદ તથા ત્રાગડ ગામતળ અને નગર રચના યોજના નં. ૬૪ (ત્રાગડ).

ઉપરોક્ત ચતુઃસીમામાં સમાવિષ્ટ સર્વે / બ્લોક નંબરો નીચે મુજબ છે.

મોજે ત્રાગડ ના સર્વે. નં.-૧૫૬, ૧૫૫+૧૫૭+૧૫૮, ૧૫૯/૧, ૧૬૧/૧, ૧૭૪/પૈકી, ૧૭૫, ૧૭૬, ૧૭૭/પૈકી, ૧૭૮, તથા મંજુર અમલી આખરી નગર રચના યોજના નં. ૨૩૩(ત્રાગડ)માં સમુચિત સત્તામંડળને જાહેર હેતુ માટે સંપ્રાત થતા અંતિમ ખંડ નં. ૬૯(રહેણાંકના વેચાણ માટે), ૭૨(વાણીજ્યના વેચાણ માટે), ૭૪(વાણીજ્યના વેચાણ માટે), ૭૫(સમાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે), ૭૬(સામાજીક માળખાકિય સુવિધાઓ માટે) નો સમાવેશ થાય છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ કરેલા નિયમોના નિયમ -૨૬(૩) થી ફરમાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યકિતઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યકિતઓને જાણ કરું છું કે, તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલી બાબતોના સંબંધમાં સરકારી રાજયપત્રમાં આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૨૦ દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખીત જણાવવા. ઉપરની નગર રચના યોજનાથી પ્રતિકુળ અસર થયેલ કોઈપણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે હક્કદાર છે અને તેણે તેના દાવાની વિગતો આ નોટીસ પ્રસિધ્ધ થયાની ત્રણ મહિનાની અંદર નીચે સહી કરનાર નગર રચના અધિકારીને જરૂરી દસ્તાવેજો અને પુરાવા સાથે જણાવવી.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૩૩ (ત્રાગડ)(પ્રથમ ફેરફાર)ની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, પ્લાનો, નમુનાઓ જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમિયાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લી રાખવામાં આવશે અને જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઇ વ્યક્તિને ઉપર્યુક્ત કચેરીમાં યોજના જોવાની વિનંતી કરવામાં આવે છે, ત્યાં યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

તા. ૨૯-૦૭-૨૦૨૫
સ્થળ : અમદાવાદ

સહિ/- આવાચ્ય
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
અમદાવાદ નગર રચના યોજના, એકમ-૧,
અમદાવાદ.

કચેરીનું હાલનું સરનામુ :
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, નગર રચના યોજના એકમ-૧,
ચોથો માળ, ઓફીસ નં. ૪૦૬, ૪૦૭, ૪૦૯, ૪૧૪, ૪૧૭,
એ.એમ.સી. મલ્ટીલેવલ પાર્કિંગ એન્ડ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.08.22 17:58:19 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot